### ગોધરા પાલિકાના પાપે જહુરપુરામાં CCTV બંધ રહેતા અસામાજિક તત્વો બેફામ બન્યા

# રસ્તા પર લારીવાળા અને રાહદારી વચ્ચે ધીંગાણું

**મુખ્યમંત્રી** સ્વાગતના આદેશો અને નાગરિકોની વારંવારની રજૂઆતો ફાઈલોમાં દબાવી દેતી ગોધરા પાલિકાના કારણે લોકોની સુરક્ષા રામભરોસે

(પ્રતિનિધિ) ગોધરા, તા.31

ગોધરાના પંડિત દીનદયાળ ઉપાધ્યાય જહુરપુરા શાકમાર્કેટમાં ગઈકાલે રસ્તા પરની લારીઓ તથા રાહદારી વચ્ચે થયેલી બોલાચાલી અને મારામારીના વાયરલ થયેલા વિડીયોએ નગરપાલિકાની ઘોર બેદરકારીને ખુલ્લી પાડી છે. સ્થાનિક જાગૃત નાગરિક હરેશ મંજાણી દ્વારા ૨૧ ઓગસ્ટ ૨૦૨૫ અને ૨૦ ડિસેમ્બર ૨૦૨૫ના રોજ વારંવાર લેખિત રજૂઆતો કરવા છતાં અને ખુદ મુખ્યમંત્રી સ્વાગત કાર્યક્રમના આદેશો હોવા છતાં, નગરપાલિકાએ સુરક્ષા માટેના પાંચ CCTV કેમેરા ચાલુ ન કરતા આખરે અસામાજિક તત્વો બેફામ બન્યા છે. અગાઉ લાખોના ખર્ચે લગાવેલા આ પાંચ કેમેરાના વાયરો અસામાજિક તત્વોએ કાપી નાખ્યા હતા. ગુનાખોરી ડામવા





અને પોલીસ તપાસ માટે આ કેમેરા અત્યંત જરૂરી હોવા છતાં પાલિકાએ મૌન સેવી રાખી માત્ર કાગળ પર કાર્યવાહી બતાવતા ગઈકાલની હિંસક ઘટના બની હતી જેનાથી સામાન્ય નાગરિકો અને વેપારીઓમાં ભારે ભયનો માહોલ છવાઈ ગયો છે.

આ માર્ગ અત્યંત સંવેદનશીલ છે જે હેડ પોસ્ટ ઓફિસ, પાસપોર્ટ કેન્દ્ર, નાળિયેરી મસ્જિદ, શ્રી ગુંસાઈજીની બેઠક અને સ્વામિનારાયણ મંદિર જેવા મહત્વના ધર્મસ્થાનો અને સરકારી કચેરીઓને જોડે છે. તેમ છતાં, નગરપાલિકા દ્વારા અગાઉ નક્કી કરાયેલ હદ નિશાનની કોઈ જ અમલવારી થતી નથી. મુખ્ય ગેટથી પોસ્ટ ઓફિસ જવાના રસ્તા પર અનેક બિનવારસી વાહનો અને ગાડીઓનો જમાવડો રહે છે. ખાસ કરીને સાંજે ૫ થી ૭ વાગ્યા દરમિયાન અહીં લારીઓના ગેરકાયદેસર હંગામી દબાણો તથા અસામાજિક તત્વોની દાદાગીરીને કારણે કોઈ વાહન કે સાયકલ લઈને પસાર થવું પણ અશક્ય બની જાય છે. પરિણામે તમામ ધર્મના શ્રદ્ધાળુઓને દર્શન માટે આવવા-જવામાં ભારે હાલાકી ભોગવવી પડે છે. નગરપાલિકાના મુખ્ય અધિકારીએ અગાઉ આ વિસ્તારને નિર્મળ ગુજરાત ૨.૦ યોજના હેઠળ સુશોભિત કરવાની, મુખ્ય ગેટ પાસે દરરોજ નિયમિત રાત્રિ સફાઈ કરવાની અને નવા CCTV માટે સત્વરે ટેન્ડર પ્રક્રિયા પૂર્ણ કરવાની ખાતરી આપી હતી જે માત્ર ફાઈલોમાં જ સમેટાઈ ગઈ છે. ગઈકાલના આ બનાવ બાદ સ્થાનિક રહીશો, વેપારીઓ અને લોકોમાં ઉગ્ર માંગ ઉઠી છે કે જહુરપુરા શાકમાર્કેટમાં કાયમી ધોરણે પોલીસ પોઈન્ટ અને ટ્રાફિક વાન ગોઠવવામાં આવે. ઉપરાંત રસ્તા પર ગેરકાયદેસર દબાણો કરનારને દરરોજ દંડ થાય અને હદ નિશાનની કડક અમલવારી કરવામાં આવે. લોકોએ સ્પષ્ટ ચીમકી આપી છે કે તંત્ર આશ્વાસનો માત્ર કાગળ પર ન રાખતા તાત્કાલિક અસરથી આધુનિક નાઈટ વિઝન કેમેરા લગાવે અને જ્યાં સુધી નવા કેમેરા ન લાગે ત્યાં સુધી અગાઉના પાંચ કેમેરાનું રીપેરીંગ કરી વિસ્તારનું મોનિટરિંગ શરૂ કરાય, જેથી ભવિષ્યમાં આવી અનિચ્છનીય ઘટનાઓ અટકાવી શકાય.

## કાલોલ નગરપાલિકાના કોમ્યુનિટી હોલ ખાતે સેવા સેતુ શહેરી 11માં તબક્કાનો પ્રારંભ

પ્રમુખ સહિત હોદ્દેદારો હાજર રહ્યા



(પ્રતિનિધિ) કાલોલ, તા.31

કાલોલ નગર પાલિકા કોમ્યુનિટી હોલ ખાતે સેવા સેતુ કાર્યક્રમ સફળતાપૂર્વક યોજાયો હતો જેમાં કાલોલ નગરપાલિકામાં સમાવિષ્ઠ એકથી સાત વોર્ડના શહેરી નાગરિકોને વિવિધ શાસકીય સેવાઓ એક જ સ્થળે ઉપલબ્ધ કરવામાં આવી હતી અને આ કાર્યક્રમ દ્વારા લોકોને સરળતા પૂર્વક વિવિધ યોજનાઓનો લાભ મળે તે દિશામાં મહત્વપૂર્ણ પગલું ભરવામાં આવ્યું હતું.

જેમાં કાલોલ નગરપાલિકાના પ્રમુખ હસમુખભાઈ મકવાણા, ઉપપ્રમુખ ગૌરાંગભાઈ દરજી, કારોબારી અધ્યક્ષ જ્યોત્સનાબેન બેલદાર,નગરપાલિકાના ચીફ ઓફિસર સંજયભાઈ પટેલ કાલોલ શહેર ભાજપ પ્રમુખ કલ્પેશભાઈ પારેખ, નરેન્દ્ર મોદી વિચાર મંચના પ્રદેશ ઉપાધ્યક્ષ રાજેન્દ્રભાઈ જોષી સહિત નગરપાલિકાના પુર્વ પ્રમુખ ગોપાલભાઈ પંચાલ સાથે પુર્વ ઉપપ્રમુખ તુષારભાઈ શાહ તથા નગરપાલિકાના સભ્ય અને કર્મચારીઓ ની હાજરીમા સેવા સેતુ કાર્યક્રમ યોજાયો જેમા નગરપાલિકાના એકથી સાત વોર્ડ સમાવેશ કરવામાં આવ્યા હતા જેમા આવકનો દાખલો, જાતિનો દાખલો, રેશન કાર્ડમાં નામ કમી અને ઉમેરો, આધાર કાર્ડ ને લગતી કામગીરી, વિધવા સહાય અને વૃદ્ધ સહાય, જન્મ મરણ, લગ્ન નોધણી જેવા કામો અંગે સ્થળ પર જ ઉકેલ કરવામાં આવ્યો કાર્યક્રમ મા કાલોલ નગરપાલિકાના પ્રમુખ અને ઉપપ્રમુખ સહિત પાલિકાના પૂર્વ પ્રમુખ દ્વારા ઉદબોધન કર્યું હતું.

## ભૂલી પડેલી બાળકીનુ 112ની ટીમે પરિવાર સાથે મિલન કરાવ્યું

(પ્રતિનિધિ) હાલોલ, તા.31

શ્રદ્ધાબેન પોતાની માતા સુમિત્રાબેન સાથે પોતાના મામાના ઘરે સહાડા ગામે જવા માટે નીકળ્યા હતા. માર્ગની યોગ્ય જાણકારી ન હોવાને કારણે તેઓ રસ્તો ભૂલી ગયા હતા અને એકલા હાલતમાં કાળી તળાઈ પાસે આવેલ અમદાવાદ-ઈન્દોર હાઈવે રોડ ઉપર ચાલતા જોવા મળ્યા હતા.

આ સમયે ડાયલ 112 જનરક્ષક ટીમ કાળી તળાઈ વિસ્તારમાં ફરજ પર હાજર હતી. ડાયલ 112 જનરક્ષક ટીમમાં PC બહાદુરભાઈ ચુનિયાભાઈ તથા પાયલોટ દિનેશભાઈ પટેલ હાજર હતા. ટીમ દ્વારા રોડ ઉપર એકલી ચાલતી બાળકી ધ્યાનમાં આવતા તેને સુરક્ષિત રીતે અટકાવી પૂછપરછ કરવામાં આવી હતી. પૂછપરછ દરમિયાન બાળકી દ્વારા પોતાનું નામ, સરનામું તથા




પરિસ્થિતિ અંગે સંપૂર્ણ માહિતી આપવામાં આવી હતી. પાયલોટ દિનેશભાઈ પટેલ દ્વારા જાતે કોલર બની કેસને સંભાળી જરૂરી કાર્યવાહી શરૂ કરવામાં આવી હતી.આ દરમ્યાન અન્ય કોઈ વ્યક્તિ દ્વારા ચાઈલ્ડ હેલ્પલાઈન પર પણ માહિતી આપવામાં આવતા, થોડા સમયમાં ચાઈલ્ડ હેલ્પલાઈનની ટીમ સ્થળ પર પહોંચી હતી અને તેઓ સાથે સંકલન કરવામાં આવ્યું હતું.

## હાલોલ ટાઉન અને રૂરલ પોલીસ સ્ટેશનના બે અધિકારીઓનો વિદાય સમારંભ યોજાયો

(પ્રતિનિધિ) હાલોલ, તા.31

હાલોલ ટાઉન અને રૂરલ પોલીસ સ્ટેશન મથકમાં છેલ્લા લાંબા સમયથી નિષ્ઠાપૂર્વક ફરજ બજાવતા બે લોકપ્રિય પોલીસ ઈન્સ્પેક્ટરોનો તા.30 માર્ચ સોમવારના રોજ વિદાય સમારંભ કાર્યક્રમ હર્ષોલ્લાસ સાથે સંપન્ન થયો હતો. આ પ્રસંગે પોલીસ સ્ટાફ અને નગરના અગ્રણીઓએ બન્ને અધિકારીઓની કામગીરીને બિરદાવી તેમને ભાવભીની વિદાય આપી હતી.હાલોલ ટાઉન પોલીસ ઈન્સ્પેક્ટર આર.એ.જાડેજા છેલ્લા ચાર વર્ષથી હાલોલ વિસ્તારમાં પોતાની ફરજ બજાવી છે. તેમના કાર્યકાળ દરમિયાન તેમણે અત્યંત નિષ્પક્ષ અને નીડરતાપૂર્વક કાયદો અને વ્યવસ્થાની સ્થિતિ સંભાળી હતી. સામાન્ય નાગરિકોની



સમસ્યાઓનું ત્વરિત અને સ્પષ્ટ નિરાકરણ લાવી તેમણે પ્રજાનો વિશ્વાસ જીત્યો હતો. ન્યાયી વહીવટ માટે જાણીતા પી.આઈ. જાડેજા ની વિદાય વેળાએ નગરજનોમાં મિશ્ર લાગણી જોવા મળી હતી. તેવી જ રીતે, હાલોલ રૂરલ પોલીસ ઈન્સ્પેક્ટર કે.એ. ચૌધરીએ લાંબા સમયગાળા સુધી ટાઉન તેમજ રૂરલ વિસ્તારમાં પ્રશંસનીય સેવાઓ આપી છે. ગ્રામ્ય વિસ્તારોમાં શાંતિ જાળવવા અને પોલીસ-પ્રજા વચ્ચે સુમેળભર્યા સંબંધો સ્થાપિત કરવામાં તેમનો મહત્વનો ફાળો રહ્યો છે.વિદાય સમારંભ દરમિયાન હાલોલ ટાઉન અને રૂરલ પોલીસ સ્ટાફ તેમજ નગરપાલિકાના નગરસેવકો અને સ્થાનીક આગેવાનો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા. ઉપસ્થિત મહાનુભાવો દ્વારા બન્ને અધિકારીઓને સ્મૃતિચિહ્ન (મોમેન્ટો) અર્પણ કરી, સાલ ઓઢાડી સન્માનિત કરવામાં આવ્યા હતા.

## હાલોલમાં શ્રી દશા પોરવાડ જ્ઞાતિ સમાજ તથા શ્રીમાળી સોની સમાજના કુળ દેવી શ્રીમહાલક્ષ્મી માતાજીનો દ્વિતીય પાટોત્સવ



**હાલોલ :** શ્રી દશા પોરવાડ જ્ઞાતિ સમાજ હાલોલ તથા શ્રીમાળી સોની સમાજના કુળ દેવી શ્રીમહાલક્ષ્મી માતાજીનો દ્વિતીય પાટોત્સવ નિમિત્તે જ્ઞાતિ સમાજના તેમજ માતાજીના ભક્તો દ્વારા આજે ચૈત્ર સુદ તેરસ ને મંગળવાર ના રોજ ઉજવણી ભક્તિસભર વાતાવરણમાં મંદિર પરીસદ માં કરવામાં આવી હતી. હાલોલ નગર ની મધ્યમાં આવેલ મેન બઝાર માં બિરાજમાન શ્રી મહાલક્ષ્મી માતાજીના મંદિરે પ્રતિ વર્ષે ચૈત્ર સુદ તેરસ ના રોજ માતાજી ના પાટઉત્સવ ની ઉજવણી કરવામાં આવે છે જે અંતર્ગત આજે મંગળવાર ના રોજ માતાજીનો દ્વિતીય પાટોત્સવ ને લઇ શ્રી દશા પોરવાડ જ્ઞાતિ સમાજ હાલોલ તથા શ્રીમાળી સોની સમાજના લોકો તેમજ માઇ ભક્તો વહેલી સવાર થી મંદિર ખાતે માતાજીના દર્શને ઉમટી પડ્યા હતા અને માતાજીના ચરણમાં શીશ નમાવી ધન્ય બન્યા હતા, આજે વહેલી સવારે માતાજીની કેસર સ્નાન બાદ પૂજા, અર્ચના કરી સવારે નવ કલાકે મંદિર પરિસર માં શ્રી યજ્ઞનો આરંભ કરવામાં આવ્યો હતો.

## દાહોદના ઝરી ખુર્દ ગામની ભૂલી પડેલી બાળકીનુ 112ની ટીમે પરિવાર સાથે મિલન કરાવ્યું



(પ્રતિનિધિ) દાહોદ, તા.31

શ્રદ્ધાબેન પોતાની માતા સુમિત્રાબેન સાથે પોતાના મામાના ઘરે સહાડા ગામે જવા માટે નીકળ્યા હતા. માર્ગની યોગ્ય જાણકારી ન હોવાને કારણે તેઓ રસ્તો ભૂલી ગયા હતા અને એકલા હાલતમાં કાળી તળાઈ પાસે આવેલ અમદાવાદ-ઈન્દોર હાઈવે રોડ ઉપર ચાલતા જોવા મળ્યા હતા. આ સમયે ડાયલ 112 જનરક્ષક ટીમ કાળી તળાઈ વિસ્તારમાં ફરજ પર હાજર હતી. પૂછપરછ દરમિયાન બાળકી દ્વારા પોતાનું નામ, સરનામું તથા પરિસ્થિતિ અંગે સંપૂર્ણ માહિતી આપવામાં આવી હતી.

### ભેદી ધડાકાના લીધે ટ્રેન વ્યવહાર ખોરવાયો

## ગોધરાના સંતરોડ અને ચંચેલાવ વચ્ચે રેલવે લાઈન પાસે રહસ્યમયી ધડાકો

(પ્રતિનિધિ) ગોધરા, તા.31

સંતરોડ અને ચંચેલાવ રેલવે સ્ટેશન વચ્ચે મુખ્ય રેલવે ટ્રેક નજીક અચાનકભારે ધડાકાની ઘટના સામે આવતા રેલવે તંત્ર એલર્ટ મોડ પર આવી ગયું છે. ભગવાનસિંહ તરફથી મળતી પ્રાથમિક માહિતી મુજબ, ટ્રેક પાસે અચાનક એક મોટો અવાજ સંભળાયો હતો જેને પગલે આસપાસના લોકો એકત્રિત થઈ ગયા હતા અને તંત્રને જાણ કરવામાં આવી હતી.

પ્રાપ્ત વિગતો અનુસાર, આ વિસ્ફોટ રેલવે લાઈન પરના વીજળીના પોલ નંબર 148525 પાસે થયો હતો. આ ધડાકો એટલો જોરદાર હતો કે તેને



કારણે ઓવરહેડ ઈલેક્ટ્રિક એટલે કે OHE થાંભલો નમી ગયો હતો અને લાઈનને નુકસાન પહોંચ્યું હતું. નવાઈની વાત એ છે કે આ ધડાકાને કારણે રેલવે ટ્રેક નજીક જ જમીનમાં અંદાજે 5 ફૂટ જેટલો મોટો ખાડો પણ પડી ગયો છે. પ્રાથમિક તપાસમાં એવું જાણવા મળ્યું છે કે આ ચોક્કસ સ્થળે એક પક્ષી ઊડતું હોઈ શકે છે અને તે દરમિયાન કદાચ શોર્ટ-સર્કિટ અથવા અન્ય કોઈ રીતે આ રીતની અસામાન્ય ઘટના બની હોવાની પણ એક આશંકા સેવવામાં આવી રહી છે. જો કે, ઘટનાના સાચા કારણો અંગે હજુ સુધી કોઈ સત્તાવાર નિવેદન બહાર આવ્યું નથી.

આ ઘટનાને પગલે શરૂઆતમાં રેલવે વ્યવહાર પર આંશિક અસર પડી હતી. જોકે, બનાવની ગંભીરતાને ધ્યાનમાં લઈને રેલવે વિભાગની ટેકનિકલ ટીમોએ તાત્કાલિક ધોરણે કાર્યવાહી હાથ ધરી હતી. નમી ગયેલા થાંભલાને સુરક્ષિત રીતે સાઈડમાં કરીને, ટ્રેક પરથી અવરોધ હટાવવામાં આવ્યો હતો અને થોડા જ સમયમાં રેલવે વ્યવહારને ફરીથી રાબેતા મુજબ શરૂ કરી દેવામાં આવ્યો હતો. હાલમાં આ લાઈન પર ટ્રેનોની અવરજવર સામાન્ય છે. બનાવની જાણ થતાં જ રેલવે સુરક્ષા દળ, રેલવે વિભાગના ઉચ્ચ અધિકારીઓની અલગ-અલગ ટીમો તાત્કાલિક ઘટનાસ્થળે દોડી ગઈ હતી. તેઓ દ્વારા ઘટનાસ્થળની બારીકાઈથી તપાસ કરવામાં આવી રહી છે. આ ઘટનામાં કોઈ પ્રકારની જાનહાનિ કે અનિચ્છનીય બનાવ નોંધાયો નથી. આ અચાનક થયેલો ધડાકો કયા કારણોસર થયો છે અને તેમાં કઈ બાબતો જવાબદાર છે તે વિશે હજી સુધી ચોક્કસ માહિતી મળી શકી નથી.

### પંચમહાલ જિલ્લામાં વહીવટી ફેરફારો

## તાલુકા વિકાસ અધિકારીઓની મોટાપાયે બદલી અને બઢતી અપાતા કહી ખુશી, કહી ગમ નો માહોલ

**શહેરાના** ટીડીઓની બદલી રદ્દ કરાઈ, જિલ્લા પંચાયત અને વિવિધ તાલુકાઓમાં નવા અધિકારીઓની નિમણૂક

(પ્રતિનિધિ) ગોધરા, તા.2

ગુજરાત સરકારના પંચાયત, ગ્રામ ગૃહનિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગ દ્વારા ૩૦ માર્ચ ૨૦૨૬ના રોજ મહત્વપૂર્ણ અધિસૂચના બહાર પાડીને રાજ્યભરમાં તાલુકા વિકાસ અધિકારીઓની વહીવટી હિતમાં બદલી અને બઢતી કરવામાં આવી




છે. આ મોટા વહીવટી ફેરફારમાં પંચમહાલ જિલ્લા પંચાયત અને વિવિધ તાલુકાઓમાં ફરજ બજાવતા અધિકારીઓની પણ બદલી અને બઢતીના આદેશો જારી કરાયા છે. જેમાં અગાઉ શહેરાના તાલુકા વિકાસ અધિકારી પાર્થકુમાર પટેલની કરવામાં આવેલી બદલી રદ્દ કરી તેમને શહેરામાં જ યથાવત રાખવામાં આવ્યા છે. ગોધરાના તાલુકા વિકાસ અધિકારી ધર્મેન્દ્રકુમાર ગરાસીયાને હાલોલ ખાતે અને કાલોલના તાલુકા વિકાસ અધિકારી જય શુક્લને પંચમહાલ જિલ્લા પંચાયતમાં ચીટનીશ કમ ટીડીઓ તરીકે મુકવામાં આવ્યા છે. આ ઉપરાંત, અન્ય જિલ્લામાંથી બઢતી મેળવીને ત્રણ નવા અધિકારીઓ પંચમહાલમાં આવ્યા છે, જ્યારે પંચમહાલના વિસ્તરણ અધિકારી હરદેવસિંહ ચૌહાણને બઢતી સાથે ઘોઘંબાના ટીડીઓ (ગ્રામ વિકાસ) તરીકે નિમણૂંક અપાઈ છે. સાથે જ, પંચમહાલમાં ફરજ બજાવતા અન્ય પાંચ વિસ્તરણ અધિકારીઓને બઢતી આપીને દાહોદ, ભરૂચ અને તાપી જિલ્લામાં તાલુકા વિકાસ અધિકારી તરીકે બદલી કરવામાં આવી છે. સરકારના આદેશ મુજબ તમામ અધિકારીઓએ તાત્કાલિક અસરથી ફરજમુક્ત થઈને નવી જગ્યાએ હાજર થવાનું રહેશે.

### ગોધરાના પઢીયાર ગામમાં દબાણનો મુદ્દો ગરમાયો

## સચિવાલયના હસ્તક્ષેપ બાદ વિકાસ કમિશનરને ટોચ અગ્રતાના ધોરણે કાર્યવાહીનો આદેશ

(પ્રતિનિધિ) ગોધરા, તા.2

પંચમહાલ જિલ્લાના ગોધરા તાલુકાના પઢીયાર ગામમાં જાહેર રસ્તા પરના દબાણ મુદ્દે સ્થાનિક અધિકારીઓની કથિત બેદરકારી સામે રાજ્ય સરકારે લાલ આંખ કરી છે. અરજદારની અપીલને ગંભીરતાથી લઈને ગાંધીનગર સચિવાલયના પંચાયત વિભાગે વિકાસ કમિશનરને આ મામલે ટોચની અગ્રતા આપી તાત્કાલિક કાર્યવાહી કરવા કડક આદેશ આપ્યો છે. પ્રાપ્ત માહિતી અનુસાર, પઢીયાર ગામના ૭૦ વર્ષીય અરજદાર કાનાભાઈ પરમારે મુખ્યમંત્રીના સ્વાગત પોર્ટલ અને ઉચ્ચ કચેરીઓમાં



સ્થાનિક તંત્રની કામગીરી સામે અસંતોષ વ્યક્ત કરી અપીલ કરી હતી. અરજદારે લેખિત રજૂઆતમાં જણાવ્યું હતું કે, ગોધરા તાલુકા વિકાસ અધિકારી અને પંચમહાલ જિલ્લા વિકાસ અધિકારી દ્વારા ઉચ્ચ કચેરીઓને ગેરમાર્ગે દોરવાના ઈરાદાથી અગાઉના જ તદ્દન ખોટા અહેવાલો ફરીથી રજૂ કરવામાં આવ્યા છે. વધુમાં, અરજદારે આક્ષેપ કર્યો હતો કે આ પ્રકરણમાં જિલ્લા કલેક્ટરના સ્પષ્ટ હુકમો અને અન્ય આધાર-પુરાવાઓને ઈરાદાપૂર્વક ધ્યાનમાં લેવામાં આવ્યા નથી. હકીકતો છુપાવીને માત્ર સરપંચ અને દબાણકર્તાઓને છાવરવાનો પ્રયાસ થઈ રહ્યો છે જે સીધી રીતે વહીવટી બેદરકારી છે. અરજદારની આ સચોટ અને પુરાવાઓ સાથેની રજૂઆતને ધ્યાને લઈ, રાજ્યના પંચાયત, ગ્રામ ગૃહનિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગ દ્વારા આ બાબતને ગંભીરતાથી નોંધ લેવામાં આવી છે.